# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-12-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : SUNDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર જયેશ વેગડા વાંચે છે.**

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામના નામરૂપમાં 12 હજાર કરોડના એમોનિયા-યુરિયા ખાતર પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે
2) ઉપરાષ્ટ્રપતિ સી સુધીમાં વિકસિત ભારતના 2047 રાધાકૃષ્ણને કહ્યું છે કે .પી. નિર્માણમાં વહીવટી સેવાઓની ગુણવત્તા નિર્ણાયક ભૂમિકા ભજવશે
3) ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે ઘોસ્ટપેરિંગ નામના સાયબર અભિયાન દ્વારા વોટ્સએપ એકાઉન્ટ્સ હેક કરવા અંગે ચેતવણી જારી કરી
4) સમગ્ર વિશ્વમાં આજે બીજા વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે
5) પુરુષ અંડર -૧૯ એશિયા ક્રિ કેટ કપની ફાઇનલમાં આજે ભારતનો મુકાબલો પાકિસ્તાન સામે થશે

****************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# REV. PM ASSAM VISIT (WITH V/C)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામના નામરૂપમાં 12 હજાર કરોડના એમોનિયા-યુરિયા ખાતર પ્રોજેક્ટના શિલાન્યાસ સમારોહમાં ભાગ લેશે. આ પ્રસંગે તેઓ એક જાહેર સભાને પણ સંબોધિત કરશે. અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ

**(વોઈસ કાસ્ટ – અમીનુલ)**

. . . . . . . . .

# VICE-PRESIDENT-PSC

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું છે કે 2047 સુધીમાં વિકસિત ભારતના નિર્માણમાં વહીવટી સેવાઓની ગુણવત્તા નિર્ણાયક ભૂમિકા ભજવશે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય પ્રાથમિકતાઓનો અમલ વહીવટકર્તાઓની ગુણવત્તા પર આધાર રાખે છે. ગઈકાલે સાંજે હૈદરાબાદમાં રાજ્ય જાહેર સેવા આયોગોના અધ્યક્ષોના બે દિવસીય પરિષદના સમાપન સત્રમાં બોલતા , શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે 2047 સુધીમાં વિકસિત ભારતના વિઝન તરફ દેશની પ્રગતિમાં શાસનની ગુણવત્તા અને સંસ્થાઓ ચલાવતા લોકોની ગુણવત્તા મહત્વપૂર્ણ રહેશે.

UPSCના પ્રતિભા સેતુનું ઉદાહરણ આપતા ઉપરાષ્ટ્રપતિએ જાહેર સેવા આયોગોને પ્રતિભા સંપાદન અને રોજગારક્ષમતા માટે નવીન અભિગમો શોધવાનો આગ્રહ કર્યો, જેથી પ્રતિભાને યોગ્ય ભૂમિકાઓ સાથે જોડી કરી શકાય.

તેલંગાણાના નાયબ મુખ્યમંત્રી એમ. ભટ્ટી વિક્રમાર્કએ પરીક્ષાઓ યોજવામાં ફરજિયાત વાર્ષિક કેલેન્ડરનું પાલન કરવાની જરૂરિયાત અને મહત્વ પર ભાર મૂક્યો.

દરમિયાન ઉપરાષ્ટ્રપતિ આજે સવારે વિશ્વ ધ્યાન દિવસ નિમિત્તે હૈદરાબાદ નજીક કાન્હા શાંતિ વનમ ખાતે હાર્ટફુલનેસ મેડિટેશન કાર્યક્રમમાં ભાગ લેશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# MORN. SHIVRAJ- AWARDS ADDRESS

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે વિકાસિત ભારત ગ્રામ વિકાસ વિધેયક માત્ર ખેડૂતો અને મજૂરો માટે જ ફાયદાકારક નથી, પરંતુ તે ગામડાઓના વિકાસ સાથે પણ દરેક રીતે જોડાયેલું છે. તેમણે ગઈકાલે નવી દિલ્હીમાં ચૌધરી ચરણ સિંહ એવોર્ડ 2025 સમારોહમાં સંબોધન કરતાં આ વાત કહી હતી.

(બાઈટ – શિવરાજ સિંહ ચૌહાણ)

શ્રી ચૌહાણે ખેડૂતો, નિષ્ણાતો અને કૃષિ વૈજ્ઞાનિકોને અસરકારક રીતે યોજનાઓ ઘડવા માટે એકત્ર કરવા માટે ચિંતન શિબિરની સ્થાપનાનો ઉલ્લેખ કર્યો.

. . . . . . . . . .

# MORN.MIETY- WHATSAPP HIJACK

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે ચેતવણી જારી કરતાં જણાવ્યું કે ઘોસ્ટપેરિંગ નામના સાયબર અભિયાનનો ઉપયોગ વોટ્સએપ એકાઉન્ટ્સ હેક કરવા માટે થઈ રહ્યો છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર સાયબર ગુનેગારો કોઈપણ ચકાસણી વિના પેરિંગ કોડનો ઉપયોગ કરીને વોટ્સએપના ડિવાઇસ-લિંકિંગ ફીચર દ્વારા એકાઉન્ટ્સ હેક કરી રહ્યા છે. આ કૌભાંડ સામાન્ય રીતે ત્યારે શરૂ થાય છે જ્યારે તમને કોઈ જાણીતા નંબર પરથી ફોટો અને તે જોવાનું કહેતો સંદેશ મળે છે. આ સંદેશમાં ફેસબુક જેવા પૂર્વાવલોકન સાથેની લિંક હોય છે અને ફોન નંબરને લગતી ચકાસણી પ્રક્રિયા તરફ દોરી જાય છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ પદ્ધતિ સાયબર ગુનેગારોને પાસવર્ડ અથવા સિમ સ્વેપની જરૂર વગર પીડિતના વોટ્સએપ એકાઉન્ટની સંપૂર્ણ ઍક્સેસ આપે છે. મંત્રાલયે લોકોને શંકાસ્પદ લિંક્સ પર ક્લિક ન કરવાની અને બાહ્ય સાઇટ્સ પર ક્યારેય તેમનો ફોન નંબર દાખલ ન  કરવાની સલાહ આપી છે.

. . . . . . . . . . . . . . . . .

# MORN.MIETY- WHATSAPP HIJACK

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે ચેતવણી જારી કરતાં જણાવ્યું કે ઘોસ્ટપેરિંગ નામના સાયબર અભિયાનનો ઉપયોગ વોટ્સએપ એકાઉન્ટ્સ હેક કરવા માટે થઈ રહ્યો છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર સાયબર ગુનેગારો કોઈપણ ચકાસણી વિના પેરિંગ કોડનો ઉપયોગ કરીને વોટ્સએપના ડિવાઇસ-લિંકિંગ ફીચર દ્વારા એકાઉન્ટ્સ હેક કરી રહ્યા છે. આ કૌભાંડ સામાન્ય રીતે ત્યારે શરૂ થાય છે જ્યારે તમને કોઈ જાણીતા નંબર પરથી ફોટો અને તે જોવાનું કહેતો સંદેશ મળે છે. આ સંદેશમાં ફેસબુક જેવા પૂર્વાવલોકન સાથેની લિંક હોય છે અને ફોન નંબરને લગતી ચકાસણી પ્રક્રિયા તરફ દોરી જાય છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ પદ્ધતિ સાયબર ગુનેગારોને પાસવર્ડ અથવા સિમ સ્વેપની જરૂર વગર પીડિતના વોટ્સએપ એકાઉન્ટની સંપૂર્ણ ઍક્સેસ આપે છે. મંત્રાલયે લોકોને શંકાસ્પદ લિંક્સ પર ક્લિક ન કરવાની અને બાહ્ય સાઇટ્સ પર ક્યારેય તેમનો ફોન નંબર દાખલ ન  કરવાની સલાહ આપી છે.

. . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# WORLD MEDITATION DAY

આજે બીજા વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ગયા વર્ષે 21 ડિસેમ્બરને વિશ્વ ધ્યાન દિવસ તરીકે જાહેર કર્યો હતો. આ તારીખ ઉત્તર ગોળાર્ધમાં શિયાળુ સંક્રાંતિને ધ્યાનમાં રાખી પસંદ કરવામાં આવી હતી , જે આત્મનિરીક્ષણ અને આંતરિક શાંતિનું પ્રતીક છે.

દરમિયાન ભારતીય આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરે ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાં " વૈશ્વિક શાંતિ અને સદભાવ માટે ધ્યાન" કાર્યક્રમ દરમિયાન ધ્યાન સત્રનું નેતૃત્વ કર્યું હતું. યુદ્ધભૂમિ પર અર્જુનને ભગવાન કૃષ્ણએ ધ્યાન યોગ પર આપેલા ઉપદેશોનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે આજની માનવતા માટે પરિસ્થિતિઓ યુદ્ધભૂમિથી ઓછી નથી , કારણ કે સમાજમાં વિવિધ મુદ્દાઓ યુદ્ધની સ્થિતિથી ઓછી નથી. ભગવાન કૃષ્ણના ઉપદેશોને ટાંકીને , તેમણે કહ્યું કે યુક્રેનમાં આઠ હજાર સૈનિકો લડવૈયા તરીકે અંધકાર અને નિરાશામાં ડૂબેલા હતા , પરંતુ તેઓએ ધ્યાન કર્યું અને શાંતિ પ્રાપ્ત કરી.

વિશ્વભરના રાજદ્વારીઓ સંયુક્ત રાષ્ટ્રના અધિકારીઓ અને યોગ પ્રશિક્ષકો તેમની સાથે પોતાની અને વિશ્વમાં શાંતિ લાવવાના હેતુથી ધ્યાનમાં જોડાયા. આ કાર્યક્રમનું આયોજન ભારત, એન્ડોરા, મેક્સિકો, નેપાળ અને શ્રીલંકા દ્વારા કરવામાં આવ્યું હતું. આ દેશોએ ગયા વર્ષે 21 ડિસેમ્બરને વિશ્વ ધ્યાન દિવસ તરીકે ઉજવવા માટે મહાસભાના ઠરાવને પ્રાયોજિત કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . .

# MORN.BCBI-BRIBERY CASE

કેન્દ્રીય તપાસ સંસ્થા - CBI એ એક આર્મી અધિકારી અને અન્ય એક વ્યક્તિ વિનોદ કુમારની ધરપકડ કરી છે. CBI એ જણાવ્યું હતું કે આર્મી અધિકારી લેફ્ટનન્ટ કર્નલ દીપક કુમાર શર્માના દિલ્હી સ્થિત નિવાસસ્થાનની તપાસ દરમિયાન ત્રણ લાખ રૂપિયાની લાંચની રકમ અને બે કરોડ રૂપિયાથી વધુની રોકડ જપ્ત કરવામાં આવી હતી.

તપાસ એજન્સીએ રાજસ્થાનના શ્રીગંગાનગરમાં વિનોદ કુમારના નિવાસસ્થાનમાંથી દસ લાખ રૂપિયાની રોકડ અને અન્ય ગુનાહિત સામગ્રી પણ જપ્ત કરી હતી.

બ્યુરોએ જણાવ્યું હતું કે સંરક્ષણ ઉત્પાદન વિભાગમાં કાર્યરત લેફ્ટનન્ટ કર્નલ શર્મા તેમની પત્ની કર્નલ કાજલ બાલી અને દુબઈ સ્થિત સંરક્ષણ ઉત્પાદનોના ઉત્પાદન અને નિકાસમાં સામેલ એક કંપનીના પ્રતિનિધિઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે. તપાસ એજન્સીએ ગઈકાલે બંને આરોપીઓને અદાલતમાં રજૂ કર્યા હતા , જ્યાં તેમને 23 ડિસેમ્બર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . .

# CRICKET - U-19 ASIA CUP FINAL

પુરુષ અંડર-૧૯ એશિયા ક્રિકેટ કપના ફાઇનલમાં આજે ભારતનો મુકાબલો પાકિસ્તાન સામે થશે. આ મેચ દુબઈમાં ભારતીય સમય મુજબ સવારે સાડા દસ વાગ્યે શરૂ થશે. આયુષ મ્હાત્રેની કેપ્ટનશીપ હેઠળ , ભારત નવમી વખત ટાઇટલ જીતવાનું લક્ષ્ય રાખશે. અગાઉ, ભારતે ગ્રુપ સ્ટેજ મેચમાં પાકિસ્તાનને હરાવ્યું હતું.

સેમિફાઇનલમાં ભારતે શ્રીલંકાને ૮ વિકેટથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો, જ્યારે પાકિસ્તાને વર્તમાન ચેમ્પિયન બાંગ્લાદેશને હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

. . . . .

# WOMEN'S CRICKET - IND VS SL

મહિલા ક્રિકેટમાં ભારત આજે શ્રીલંકા સામે પાંચ મેચની T20 શ્રેણીની પહેલી મેચ રમશે. આ મેચ સાંજે સાત વાગ્યે વિશાખાપટ્ટનમમાં શરૂ થશે. હરમનપ્રીત કૌરની કેપ્ટનશીપ હેઠળ, પ્રથમ બે મેચ વિશાખાપટ્ટનમમાં રમાશે , જ્યારે છેલ્લી ત્રણ મેચ તિરુવનંતપુરમમાં રમાશે.

ભારતીય મહિલા ટીમ ગયા મહિને ODI વિશ્વકપ જીત્યા બાદ પહેલી વાર મેદાનમાં ઉતરશે.

. . . . .

# BADMINTON - INDIA WINS BRONZE

સાત્વિક સાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય જોડીએ ગઈકાલે ચીનના હાંગઝોઉમાં રમાયેલી વિશ્વ બેડમિન્ટન ટૂર ફાઇનલ્સમાં કાંસ્યચંદ્રક જીત્યો હતો. ભારતીય જોડી સેમિફાઇનલમાં ચીનના લિયાંગ વેઈ કેંગ અને વાંગ ચાંગ સામે હારી ગયા હતા. જોકે આ જોડી દ્વારા જીતવામાં આવેલો આ બીજો BWF વિશ્વ ટૂર ફાઇનલ્સ ચંદ્રક છે. અગાઉ 2018 માં પીવી સિંધુ મહિલા સિંગલ્સ ટાઇટલ જીતીને ભારતની એકમાત્ર સુવર્ણ ચંદ્રક વિજેતા બની હતી.

. . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિદ્ધી ઉંધાડ

- આજે તમામ અખબારોએ અલગ અલગ સમાચારોની હેડલાઈન બનાવી છે...
- દિવ્ય ભાસ્કરની હેડ લાઈન છે પસંદગીકારોએ ચોંકાવ્યા, શુભમનની જગ્યાએ અક્ષર પટેલ વાઈસ કેપ્ટન... આસામમાં ટ્રેનની ટક્કરમાં ગર્ભવતી હાથણી સહિત 7 હાથીના મોત, 5 કોચ પાટા પરથી ઉતરી ગયા....
- સંદેશ લખે છે ટી 20 વર્લ્ડ કપ માટે ટીમ જાહેર , ગિલની હકાલપટ્ટી.... 2026નું સામાન્ય બજેટ રવિવારે રજાના દિવસે રજૂ થવાની સંભાવના...
- ફૂલછાબ લખે છે ધૂષણખોરોને બચાવી રહ્યા છે દેશદ્રોહી- મોદી...
- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો આજે સૌથી ટૂંકા દિવસ સાથે ઉત્તરાયણ કાળનો પ્રારંભ થશે.. ગુજરાતનું રૂપિયા 120 કરોડનું નલ સે જલ કૌભાંડ સંસદમાં ગાજ્યું..ચોટીલા રાજકોટ હાઈવે પરથી લાકડાની હેરાફેરીનો પર્દાફાશ- 15 ટ્રક ઝડપાયા....અન્ય રાજ્યોની તુલનામાં મનરેગાની સહાયનો લાભ લેવામાં ગુજરાત પાછળ....

. . . . . . . .